| **Headline:** Gujarat tops growth in retail participation on NSE in 2015 | |
|---|---|
| **Source:** Economic Times (Gujarati) | **Date:** 29 January 2016 |

# NSEમાં રાજકોટના રોકાણકારો 40% વધ્યા

પીટીઆઇ
મુંબઈ

એનએસઈમાં ૨૦૧૫માં કેશ માર્કેટમાં દેશના રોકાણકારોની સંખ્યામાં છ ટકા વધારો થયો છે. વર્ષ - પ્રતિ વર્ષના ધોરણે સક્રિય ક્લાયન્ટ્સમાં સૌથી વધુ ઉમેરો ગુજરાતમાંથી થયો હતો. તેમાં પણ રાજકોટના રોકાણકારોની સંખ્યા ૪૦ ટકા વધી હતી. રાજ્યવાર જોઈએ તો, સૌથી વધુ સક્રિય રોકાણકારો મહારાષ્ટ્રના હતા. એ પછી ગુજરાત, પશ્ચિમ બંગાળ, તામિલનાડુ અને કર્ણાટકનો ક્રમ આવે છે. ૨૦૧૫માં એનએસઈના કેશ માર્કેટ પ્લેટફોર્મ પર ૪૬ લાખ સક્રિય રોકાણકારો નોંધાયા હતા, જે અગાઉના વર્ષ કરતાં છ ટકાની વૃદ્ધિ સૂચવે છે. એક્સ્ચેન્જ પર કમ સે કમ એક વાર ટ્રેડિંગ કર્યું હોય તેને સક્રિય રોકાણકાર ગણવામાં આવે છે એમ એક્સ્ચેન્જે એક નિવેદનમાં જણાવ્યું હતું.

નવા રોકાણકારોમાં પશ્ચિમ ભારતનાં રાજ્યોનું પ્રમાણ ઊંચું હતું. આ ઉપરાંત, બેંગલુરુ અને રાજકોટ જેવાં શહેરોમાં નવા રોકાણકારો વધ્યા છે. ઈક્વિટીમાં સરેરાશ દૈનિક ટર્નઓવરમાં રિટેલ રોકાણકારોનો હિસ્સો ૯ ટકા વધ્યો હતો.